# લોકસરવાણી

ફેબ્રુઆરી, ૨૦૦૫, વર્ષઃ ૧૦, અંકઃ ૧

તંત્રીલેખ ..................................૩
રાષ્ટ્રપતિશ્રીનું વકતવ્ય ...................૪
ખેતી વિષયક પદ્ધતિઓ .................૫
વૃક્ષ ઉછેરની અનોખી પદ્ધતિ ...........૮
શોધયાત્રા બની શ્રમયાત્રા ..............૧૦
ઇનામ વિજેતા સંશોધકો ...............૧૨
વાચકોના પત્રો ..........................૧૪

**સ્થાપક તંત્રી**
પ્રો. અનિલ કે. ગુપ્તા

**કાર્યકારી તંત્રી**
રમેશ પટેલ

**સહતંત્રી**
હેમા પટેલ

**સંપાદકીય વૃંદ**
ધવલ વ્યાસ, મહેશ પટેલ, દેવાંગ પટેલ,
દીપક આચાર્ય

**સલાહકાર વૃંદ**
વિજય શેરીચંદ, કિરીટ પટેલ, રિયા સિંહા,

**સંશોધક વૃંદ**
મહેશ પરમાર, પ્રવીણ રોહિત, પરષોત્તમ પટેલ,
પ્રવિણ વણકર, રમેશ તાવિયાડ, રામજી ડાભી,
મહેશ ચૌધરી, કમલેશ તરાર, અલકા રાવલ,
સોમાભાઈ ઠક્કર, હસમુખ પટેલ,
મુકેશ સોનારા

**સજાવટ**
દક્ષા મકવાણા, સુમિત્રા પટેલ, ઉન્ની ક્રિશ્નન

**ચિત્રાંકન**
ગોરૈયા શૈલેન્દ્ર, પલાશ ગ્રાફિક્સ

**વહીવટી મદદ**
આર. પી. એસ. યાદવ, ભૂમિ શાહ,
બાલા મુદ્દલિયાર, આર. ભાસ્કરન્, દેવશી દેસાઈ,
સોનલ ત્રિવેદી

**લોકસરવાણી**
પ્રો.અનિલ કે. ગુપ્તા
ભારતીય પ્રબંધ સંસ્થા, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫
ફોનઃ ૦૭૯-૨૭૯૧૩૨૯૩ ફેક્સઃ ૦૭૯-૨૬૩૦૭૩૪૧
Email: anilg@iimahd.ernet.in

## પતંગ આટલી ઊંચાઈએ શા માટે ઉડે છે?

આકાશ પાસે વાદળ નામે ઘણા ભાઇબંધ હતા અને આકાશને તેમનો સથવારો ખૂબ ગમતો. પણ એક દિવસ જયારે વાદળોએ ધરતી પરથી એકત્ર કરેલું જળ વર્ષા રૂપે વરસી ગયું, તો તે ખાલીખમ થઇ ગયા. તેના પરિણામે આકાશને ખૂબ એકલું અને ખાલી-ખાલી લાગ્યું અને તે થોડું નિરાશ થઇ ગયું. બરાબર આ જ સમયે એક રંગબેરંગી અને ઊંચાઈ સર કરવાની મહેચ્છા ધરાવતો પતંગ આકાશમાં ઉડ્યો. હવાના સથવારે નાચતો પતંગ આકાશના હૃદયના ખૂણે-ખૂણે ફરી વળ્યો. મોજમાં ઉડતા પતંગને એનો સ્વપ્નેય ખ્યાલ ન હતો કે એક સમયે અહીં વાદળોનો વાસ હતો. આનંદથી આકાશ ઝગમગી રહ્યું હતું, પણ મોજિલા પતંગ પાસે થોભવાની અને નિહાળવાની ધીરજ ક્યાં હતી! એ તો બસ ઉડાઉડ કરતો હતો. પછી તો એક પછી બીજો પતંગ ઉડવા લાગ્યો અને થોડી જ વારમાં આકાશ પતંગોથી રંગબેરંગી બની ગયું. પણ આકાશની નજર તો પેલા પહેલા પતંગ પર જ ચોંટી ગઈ હતી. તેના મનમાં એ પતંગને હંમેશ માટે તેની પાસે જ રાખવાની લાલસા થઈ આવી. પણ સમય વિતતો હતો. અંધારું ઘેરાતું હતું. ઘણા પતંગ કપાઇ ગયા હતા અને બાકીના ઉતારી લેવાયા હતા. કેટલાક પતંગ ઉડીને ઊંચા વૃક્ષો પર જઈ બેઠા, તો થોડા જઇને તળાવમાં પડ્યા. કેટલાક ટી.વી.ના એન્ટેનામાં ભરાઈ પડ્યા. તો કેટલાક મકાનોના છજામાં જઇ પડ્યા.

પણ આકાશ ફરી એકલું પડી ગયું. તેનું હૈયું પતંગની સોબત વિના આંસુ સારવા લાગ્યું. અચાનક તેને એક યોજના સૂઝી, તેણે હિંમત એકઠી કરી અને પવન સાથે ભાગીદારી કરી અને પવન જોરથી ફૂંકાવા લાગ્યો. તેના પરિણામે પતંગો ધરતીના છેડેથી બંધાયેલા હતા તે કપાઈ ગયા. પણ હવે તો તે સ્વતંત્ર બન્યા. કોઈ બંધન વિના તે મુક્તપણે આકાશમાં વિહરવા લાગ્યા. આકાશ અને પતંગ બંને આનંદથી ઉભરાવા લાગ્યા. પણ તેનો'ય અંત અનિવાર્ય હતો. ધીમે-ધીમે પવન ઓછો થતો ગયો. હવે પતંગને ભાન આવ્યું કે તે બીજા પતંગોની જેમ પાછો નહીં ફરી શકે. પોતાના સ્વપ્નોની સિદ્ધિ માટે તેણે જે રીતે પવનની પીઠ પર સવારી કરી તે શું યોગ્ય કહેવાય? છેવટે તેને શું લાધ્યું?

શું આકાશની ઊંચાઈ આંબવા માટે આપણા મૂળથી કપાઈ જવું જરૂરી છે? શું ઊંચાઈએ રહેવું એટલું મહત્વનું છે? જે બાળકનો એ પતંગ હશે તેના મન પર શું વીત્યું હશે? અમારી પાસે તો કોઈ જવાબ નથી. તમારી પાસે છે?

### હની બી નેટવર્ક પરિવાર

**હિત્તલગિડા (કન્નડ)**
ડૉ. ટી. એન. પ્રકાશ
કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ,
કૃષિ વિશ્વવિદ્યાલય
જી.કે.વી.કે, બેંગલોર - ૬૫,
કર્ણાટક
email:hittalu@bgi.vsnl.net.in
prakashtnk@yahoo.com

**ઈનિ કર્ષકન સંસારિકટે (મલયાલમ)**
ટી. જે. જેમ્સ
પીયરમેડ ડેવલપમેન્ટ સોસાયટી
પીયરમેડ, ઈડુકી- ૬૮૫૫૩૧
કેરલ
pedes@md2.vsnl.net.in

**આમ અખા-પખા (ઉડિયા)**
ડૉ. બલરામ સાહુ,
૩-આર, બીપી ૫/૨, બીપી કોલોની
યુનિટ-૮, ભુવનેશ્વર- ૭૫૧૦૧૨
ઓરિસ્સા
balaram_sahu@hotmail.com

**નમ વાજી વેલેન્માઈ (તમિલ)**
પી. વિવેકાનંદન
૪૫, ટી.વી.એમ. નગર,
વિરટ્ટિપટ્ટુ - ૬૨૫૦૧૦
તમિલનાડુ
numvali@sancharnet.in

**હની બી (અંગ્રેજી)**
**સૂઝબૂઝ આસપાસ કી (હિન્દી)**
**લોકસરવાણી (ગુજરાતી)**
**પ્રો. અનિલ કે. ગુપ્તા**
સૃષ્ટિ, પો.બો. નં. ૧૫૦૫૦,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫
honeybee@sristi.org

માલિક, મુદ્રક અને પ્રકાશકઃ સૃષ્ટિ ઇનોવેશન્સ વતી, રિયા સિંહા, બી-૪, રવિનિકેતન એપાર્ટમેન્ટ, નેહરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ- ૧૫
મુદ્રણઃ બંસીધર ઓફસેટ, અમદાવાદ, તંત્રીઃ અનિલ કે. ગુપ્તા

# સફળતાનું મૂલ્યાંકન જ્ઞાન સંકલનનો જથ્થો કે પ્રસાર? તંત્રીલેખ

ભારતના બુદ્ધિસામર્થ્યનો ભંડાર બહાર લાવવામાં રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન (એન.આઇ.એફ.)ને જે સફળતા મળી છે તે કોઈની પણ કલ્પના બહારની વાત છે. આ માટે હની બી નેટવર્કના સહયોગીઓનો અને હજારો સંશોધકોનો આભાર માનવો રહ્યો, જેમણે અમારા કાર્યમાં વિશ્વાસ રાખ્યો. ભારતનો પોણા ભાગનો વિસ્તાર આવરી લઈને એન.આઇ.એફ. એ છેલ્લાં ચાર વર્ષમાં પારંપરિક જ્ઞાન અને પદ્ધતિઓને લગતા ૪૮,૦૦૦ જેટલા અનુભવોનું સંકલન કર્યુ છે. પારંપરિક જ્ઞાનની ઘણીખરી પદ્ધતિઓ દેશી ઔષધીય સારવાર અંગેની છે. હની બી નેટવર્ક અને એન.આઇ.એફ. સામે ઘણા પડકારો પણ ઊભા છે, જેને અમે આગામી વર્ષોમાં પરિપૂર્ણ કરવા માગીએ છીએ.

પ્રથમ મુદ્દાનુસાર દરેક સંશોધનકર્તા અને પારંપરિક જ્ઞાનધારકને મૂલ્યસંવર્ધિત સાંકળમાં વિકાસની પ્રક્રિયામાં સમાવવાનો છે.

જ્યાં સુધી એક પદ્ધતિકાર (સંશોધક) અથવા એક જ્ઞાનધારક અન્ય લોકો સાથે સંકલન નહીં કરે ત્યાં સુધી સાંકળની કડીઓ આગળ વધવાનો સંભવ નથી. આ સંકલન ત્યારે જ શક્ય બને, જયારે પદ્ધતિકારને આપણા નેટવર્કમાં શ્રદ્ધા અને વિશ્વાસનું સર્જન થાય.

**હની બી નેટવર્કને શક્તિ આપી આગળ વધારવા માટે હું આપની પાસેથી મંતવ્યોની અપેક્ષા રાખુ છું, પરંતુ આપનાં મંતવ્યો અને રસ્તા એટલાં વિકટ પણ ન હોવાં જોઈએ કે જેથી જ્ઞાનસાંકળની નબળી કડીઓ તૂટી પડે. ભંગુરતા એ નમ્રતાની બીજી બાજુ છે કારણ કે નેટવર્ક ભૂલોમાંથી શીખે છે અને વિકાસ પામે છે. શક્તિ અને મર્યાદાઓ બન્ને વચ્ચે અનુકૂલન હની બી નેટવર્ક સાધવા કટિબદ્ધ છે.**

બીજા મુદ્દાનુસાર એવી પ્રક્રિયાનું સર્જન કરવું કે જેથી દરેક જ્ઞાનધારકને કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેવાનો અવસર મળે, જેથી પરસ્પર આદર અને વિશ્વાસનું વાતાવરણ સર્જાય. આ પ્રક્રિયામાં શોધયાત્રા, શોધસાંકળ અથવા શોધપંચાયત હોઈ શકે. શોધયાત્રા એટલે લગભગ એક અઠવાડિયા સુધી ગામડાંઓ વચ્ચેથી પસાર થઈને અને ત્યાં રહીને કોઠાસૂઝ જ્ઞાન મેળવવું. જ્યાં સુધી આપણે અજ્ઞાનનાં સ્થાપિત અને રૂઢ વિચારોને જાકારો નહીં આપીએ ત્યાં સુધી નવું જ્ઞાન નહી મેળવી શકીએ. જ્યારે પરિસ્થિતિ સામે લડવાનું આવે ત્યારે અમુક લોકો હાર સ્વીકારી લે છે અને અમુક લોકો પડકાર સ્વીકારી લે છે. અત્રે એ જાણી લેવું જરૂરી છે કે, ક્યાં પરિબળોને કારણે લોકો પારંપરિક જ્ઞાનને છોડી નવી વસ્તુ અપનાવે છે. એ સાચું છે કે, કેટલીક સંસ્કૃતિ અને સમાજમાં અન્ય સંસ્કૃતિ અને સમાજ કરતાં પારંપરિક જ્ઞાનને પડતું મૂકવા પાછળ પ્રતિકૂળ વાતાવરણ વધારે જવાબદાર હોય છે અથવા એવું પણ બને કે કેટલીક તનાવપૂર્ણ પરિસ્થિતિ બદલાવ માટે જવાબદાર હોય! આ બધા સંજોગો પારંપરિક જ્ઞાનની પ્રતિક્રિયા સમાન હોય તે સંભવ નથી, પરંતુ આ પ્રતિક્રિયાની સામે સમાજમાં જે છાપ ઉદ્ભવે છે તે સમાન હોવાની પૂરી શક્યતા છે. આ માટે સમાજમાં જે ઉદાસીનતા, વિડંબના અને નિરાશાનું વાતાવરણ છે તે દૂર કરવા નેટવર્કએ ખાસ પ્રયત્નો આદરવા પડશે. ઘણીવાર મુશ્કેલીનું નિવારણ હિસ્સેદારી ભોગવવાથી થાય છે. નેટવર્કના સભ્યોએ આ હિસ્સેદારી ખીલે તે માટે યોગ્ય મંચનું સર્જન કરવું પડશે. આ મંચ ઉપરથી કોઈ પણ સંજોગોમાં શંકાશીલ વાતોનો પ્રસાર ન થાય તે જોવું રહ્યું.


ત્રીજો મુદ્દો પદ્ધતિ/શોધ અંગે પરસ્પર આપલે, વિકાસ અને પ્રચાર કરી તેનું મૂલ્યાંકન કરીને એકબીજાને માહિતગાર કરવાનો છે. આ પ્રક્રિયાને વેગ આપવા માટે પદ્ધતિકારનાં અને પ્રયોગ કરનારનાં મંડળો અથવા શોધપંચાયતનો ઉપયોગ કરી શકાય. આપણે આપણી સફળતાનું મૂલ્યાંકન જ્ઞાનધારકોના જથ્થા પરથી નહીં, પરંતુ એક જ્ઞાનધારક પાસેથી જે-તે પદ્ધતિ/શોધનો સમાજમાં કેટલો પ્રસાર થયો તે બાબત ઉપરથી નક્કી કરીએ. એક વાર શિખવાની પ્રક્રિયાને શક્તિ મળશે તો નેટવર્ક આ પ્રક્રિયાને ભારપૂર્વક અન્ય મંચ પર આગળ ધપાવી શકશે.

ચોથો મુદ્દો; શ્રેષ્ઠ પદ્ધતિઓને એકઠી કરી તેના આધારે ઉત્પાદનો બનાવવા અથવા વિકસાવવાનો છે. આ મુદ્દો નેટવર્કના દરેક સભ્યો વચ્ચે વિચારવિનિમય માંગશે, જ્યાં સુધી આપણે માતૃભાષામાં માહિતીસંગ્રહને અગ્રિમતા નહીં આપીએ ત્યાં સુધી પારંપરિક જ્ઞાન ક્ષેત્રે સંશોધન કરતી વ્યક્તિઓના જ્ઞાનનું સંકલન નિમ્ન કક્ષાએ રહેશે. અમે માનીએ છીએ કે, ભિન્ન વિસ્તારોમાં ભિન્ન જ્ઞાનનું પ્રસાર ઓછી માત્રામાં થયું છે આથી, શ્રેષ્ઠ પદ્ધતિઓનું સંકલન કરી તેની ક્ષમતા વધારી શકાય છે એક વાર પારંપરિક જ્ઞાન આધારિત ઉત્પાદન બજારમાં સ્થાનિક અને વૈશ્વિક કક્ષાએ આવવા લાગે તો નેટવર્ક માટે આ જ્ઞાન આધારિત ગરીબીનિવારણ અને રોજગારીના કાર્યક્રમો હાથ ઉપર લેવાં આસાન બને. સૃષ્ટિ સદ્ભાવ પ્રયોગશાળાએ આ દિશામાં થોડી પહેલ કરી છે. કુદરતી જંતુપ્રતિરોધકો અને પશુઔષધો પ્રાયોગિક ધોરણે વિકસાવવામાં આવ્યાં છે. ભવિષ્ય માટે કયા કાર્યક્રમો યોજવા તે માટે વાચકોને પોતાનાં મંતવ્યો આપવા માટે હું હાર્દિક નિમંત્રણ પાઠવું છું.

પ્રો. અનિલ કે. ગુપ્તા

# રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સંશોધકોનું સન્માન

*તારીખ ૫ જાન્યુઆરી, ૨૦૦૫ના રોજ ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ ખાતે રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન (એન.આઇ.એફ.)ના યજમાન પદે પાયાના સ્તરે લોકોએ કરેલ નવીનીકરણો અને પરંપરાગત જ્ઞાનનો તૃતીય રાષ્ટ્રીય સમારોહ યોજાઇ ગયો. જેમાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ વિજેતા સંશોધકો અને વિદ્યાર્થીઓને ભારતના માનનીય રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે પારિતોષિક અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે તેઓએ પ્રેરક પ્રવચન આપ્યું હતું. જેના કેટલાક અંશ અહીં રજૂ કરેલ છે...*



**માનનીય રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામનું વકતવ્ય :**

મારા મિત્રો, હું તમામ સંશોધકોને અભિનંદન આપું છું.

રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન દ્વારા નાના નવપ્રયોગોની ઉજવણી એ જ્ઞાનની ઉજવણી સમાન છે. એક રાષ્ટ્ર તેના જ્ઞાનની ઉજવણી કરે તો તે રાષ્ટ્ર નિશ્ચિતપણે જ્ઞાન અને સંપત્તિથી સમૃદ્ધ બને છે. કારણ કે, જ્ઞાન સમૃદ્ધિ લાવે છે.

આથી હું એન.આઇ.એફ.ના અધ્યક્ષ ડૉ. માશેલકર તેમજ વાઇસ ચેરમેન પ્રો. અનિલ ગુપ્તાને અભિનંદન આપવા માંગુ છું. આ અનિલ, પ્રો. અનિલ હું તેમને નીરખી રહ્યો છું તેમનો જ્ઞાન પરિવેશ નવપ્રવર્તકોના પરિવેશ સાથે અદ્‌ભૂત રીતે મેળ ખાય છે અને તેઓ નવપ્રવર્તકોને ચાહે છે, તેઓ નવપ્રયોગોનો આનંદ લે છે અને દરેક નવપ્રયોગ તેમને ઉત્સાહ પૂરો પાડે છે. આપણે સૌ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે હની બી નેટવર્કનો વિકાસ થાય અને આપણો દેશ નવપ્રયોગોથી સમૃદ્ધ બને.

સર્જનશીલતા યુવાન વ્યક્તિઓ અને અનુભવી વ્યક્તિઓમાં રહેલ અણમોલ વસ્તુ છે. આજે મેં જોયુ એન.આઇ.એફ.માં બન્ને છે. જેમ કે યુવા નવપ્રવર્તકો અને અનુભવી નવપ્રવર્તકો બન્નેને મહત્ત્વ આપવામાં આવ્યું છે.


હું એન.આઇ.એફ.ને રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા (એન.આઇ.ડી.) અને ભારતીય પ્રબંધ સંસ્થા (આઇ.આઇ.એમ.)ની સાથે નજદીકીથી કામ કરવા સૂચન કરું છું. જેથી નવી ડિઝાઈનોમાં મૂલ્ય સંવર્ધન વિકસાવી શકાય. નવપ્રવર્તનની પ્રક્રિયા દ્વારા હવે જ્ઞાન સંપત્તિ અને સમાજના કલ્યાણ સાથે જોડાયું છે. આ વાત મેં આજે એન.આઇ.ડી.માં પણ જણાવી છે. શોધની પેટન્ટ મેળવવી પણ અગત્યની છે. વધુમાં, સેવા અને ઉત્પાદનના બન્ને ક્ષેત્રોની સ્પર્ધાત્મકતા માટે સંશોધનએ અગત્યનું પરિબળ છે. નવપ્રયોગ પ્રયોગશાળાના સંશોધન માંથી ઓછો અને સંસ્થાગત પરિવર્તન સાથેના સ્ત્રોતમાંથી વધુ ઉત્પન્ન થવાનું વલણ ધરાવે છે. આપણા દેશમાં એક કાર્યદક્ષ નવપ્રર્વતન પદ્ધતિની સ્થાપનાની આવશ્યકતા છે.

હું આપ સૌને શુભેચ્છા પાઠવું છું, હું કહીશ કે નવપ્રયોગ હવે વિકસીત થયા છે. હની બી નો હવે વિકાસ થયો છે અને નિશ્ચિત પણે તે ફેલાઈ જશે. આપ સૌને મારી શુભેચ્છાઓ.

**એન.આઇ.એફ.ના અધ્યક્ષ ડૉ. આર.એ. માશેલકર :**

હું આપ સૌનું ઉષ્માભર્યુ સ્વાગત કરૂં છું. આ એક ભવ્ય ઉજવણીની સાંજ, આ મહાન દેશના નવપ્રવર્તક ખમીરની ઉજવણી છે. અમદાવાદ શહેર ખરેખર બે મહાન અવસરનું સાક્ષી બની રહ્યુ છે. એકત્ર થયેલા હજારો વૈજ્ઞાનિકો સાથે ચાલી રહેલી વિજ્ઞાન કોંગ્રેસ અને આ નાના-નવપ્રવર્તકોની કોંગ્રેસ અહીં થઈ રહી છે.

આપ (માનનીય રાષ્ટ્રપતિશ્રી) છેલ્લીવાર અમને સંદેશ આપ્યો હતો તે અમને યાદ આવે છે. શ્રીમાન, તેમાંનો એક એ હતો કે આપણે ફકત જિજ્ઞાસા પૂરતુ મર્યાદિત ન રહેવું જોઈએ, પરંતુ આનો ફેલાવો થવો જોઈએ, સમસ્ત ભારત દ્વારા ઉપયોગમાં લેવાવું જોઈએ. આને અમે ખૂબ જ ગંભીરતાથી લીધુ છે. અમે પેદા કરી રહ્યા છીએ, અમે અન્ય યુનિવર્સિટીઓ, આઇ.આઇ.ટી., સી.એસ.આઇ.આર. વગેરે સંસ્થાનો સાથે જોડાણ કરી રહ્યા છીએ. દાખલા તરીકે એન.આઇ.એફ. અને સી.એસ.આઇ.આર. એ સમજૂતીનુ નિવેદન બનાવ્યું છે, જેથી અમારી પ્રયોગશાળાઓ આ નવપ્રયોગોના વધુ પરિક્ષણ માટે ખુલ્લી છે.



આપણે એક અબજ છીએ, જેનો મતલબ ફકત એક અબજ પેટ કે હાથ નથી પરંતુ એક અબજ મસ્તક થાય છે, જેમને નવપ્રયોગોના ખમીરથી પ્રજ્વલિત કરવા એન.આઇ.એફ. મથે છે.

એન.આઈ.એફ. એક નાની સંસ્થા છે, પરંતુ હું આપને (માનનીય રાષ્ટ્રપતિશ્રી) વચન આપવા માંગુ છું કે અમે તમારો સંદેશ વહેતો રાખવા અને આપના સ્વપ્નનું સર્જનશીલ ભારત બનાવવા અમારાથી શક્ય તે તમામ પ્રયાસ કરીશું.

ખૂબ ખૂબ આભાર.



શું આપ લોકજીભે રહેલ જ્ઞાનનું ધોવાણ અટકાવવામાં સહભાગી થશો?

# આપ અજમાવીને જણાવો...

**નિઘંટુ**

*પોતાની સમસ્યાઓમાં આપમેળે બિનખર્ચાળ ખેતીપદ્ધતિઓ અજમાવી ગુજરાતના હજારો ખેડૂતોએ નવી કેડી કંડારી છે. સૃષ્ટિના સંગ્રહકોશમાંથી અહીં ખેડૂતોના કોઠાસૂઝ અનુભવોની રજૂઆત કરી છે. વાચકોને વિનંતી છે કે; તમે તમારા ખેતરમાં અહીં દર્શાવેલ પ્રયોગ અજમાવી તેનાં પરિણામ અમને જરૂર લખી મોકલાવશો.*



**સહયોગી સંસ્થાઓ**

- મહિલા ગ્રામવિદ્યાપીઠ, નારદીપુર
- ગ્રામસેવા મહાવિદ્યાલય ગ્રામભારતી, અમરાપુર
- બનાસ ગ્રામસેવા મહાવિદ્યાલય, અમીરગઢ
- લોકનિકેતન ગ્રામવિદ્યાપીઠ, રતનપુર
- સાબર ગ્રામસેવા મહાવિદ્યાલય, સોનાસણ
- બા. મ. શાહ ગ્રામસેવા મહાવિદ્યાલય, ઝીલીઆ
- સરસ્વતી ગ્રામવિદ્યાપીઠ, સમોડા
- વનસેવા મહાવિદ્યાલય, બીલપુડી
- નૂતન ભારતી ગ્રામવિદ્યાપીઠ, મડાણાગઢ
- બી. આર. એસ. કોલેજ, દુમિયાણી
- જે. સી. કુમારપ્પા ગ્રામવિદ્યાપીઠ, ગઢડા
- લોકભારતી, સણોસરા
- ગાંધી વિદ્યાપીઠ, વેડછી
- મંગલભારતી ગ્રામવિદ્યાપીઠ, બહાદુરપુર
- બી. આર. એસ. ગ્રામવિદ્યાપીઠ, શારદાગ્રામ
- નૂતન ગ્રામવિદ્યાપીઠ, થવા
- ગ્રામસેવા મહાવિદ્યાલય, વાસણા મારગિયા
- ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
- રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન, અમદાવાદ
- જ્ઞાન, અમદાવાદ

## ખેતીવિષયક પદ્ધતિઓ

### લાલુ રબડીનું ખાતર!

**ખેડૂત :** વિજયભાઈ શાહ
મુ. રાયણ, તા. માંડવી, જિ. કચ્છ- ૩૭૦૪૬૫,
ફોન : ૦૨૮૪૩-૨૮૮૩૬૧

બજારમાં આજે સેન્દ્રિય ખાતરો અને વૃદ્ધિ પ્રેરકોનો વેપાર ખૂબ થઈ રહ્યો છે ત્યારે સજીવખેતી કરતા જાણંઇત ખેડૂતો દૃષ્ટિપૂર્વક ખેતીપદ્ધતિ વિકસાવી ઓછા ખર્ચે પણ જમીનને ફળદ્રુપ રાખી સારુ ઉત્પાદન મેળવતા હોય છે.

શેવાળ, ગોબર, ગૌમૂત્રને ભીંજવી પાન ઉપર છંટકાવ કરવાની જૂની પદ્ધતિમાં સુધારો કરી વિજયભાઈ શાહએ નવી પદ્ધતિ વિકસાવી



છે. તેમના જણાવ્યા મુજબ, ૧૦ વર્ષના અમારા ખારેકના ઝાડને થડથી ૮થી ૧૦ ફૂટ દૂર સક્રિય મૂળ વિસ્તારમાં છોડ દીઠ ૧થી ૧.૫ કિલો સમુદ્રની શેવાળ અને સેન્દ્રિય ખાતરનું મિશ્રણ આપીએ છીએ. તેની ઉપર ગોબર-ગૌમૂત્ર અને પાણીનું સિંચન કરીએ છીએ. આ માટે ૨૦૦ લિટરના પીપમાં તાજું ગોબર ૬થી ૭ કિલો, ગૌમૂત્ર ૭થી ૮ લિટર અને બાકીનુ પાણી મિશ્ર કરી શેવાળ અને સેન્દ્રિય ખાતરના અવશેષો જ્યાં દાટ્યા હોય તેની ઉપર નર્સરીમાં વપરાતા પાણી છાંટવાના ઝારા વડે છંટકાવ કરીએ છીએ. કયારેક છાશ મળે તો ગોબર-ગૌમૂત્રમાં ઉમેરીએ છીએ. વિજયભાઈ અનુભવના આધારે કહે છે; ખારેકના ઝાડની જરૂરિયાતને ધ્યાનમાં રાખી જૂન, ઓકટોબર અને ફેબ્રુઆરી દરમ્યાન આ પદ્ધતિ અજમાવીએ છીએ. આ પદ્ધતિથી ગુણવત્તા, વિકાસ અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો જણાય છે. અમારા ખેતરમાં અમે આચ્છાદનને વધુ મહત્ત્વ આપીએ છીએ, જેથી જમીનના સૂક્ષ્મ જીવો અને ભેજ જળવાઈ રહે છે.

સજીવખેતીના પ્રચારક એવા શ્રી પ્રકાશ તુલપુલે આ પદ્ધતિને મજાકમાં લાલુ-રબડીની પદ્ધતિ તરીકે ઓળખાવે છે.

*(શેવાળમાં નાઇટ્રોજન અને પોટેશિયમની માત્રા વધુ હોય છે તેથી ફળ-ફૂલ ભરાવદાર બને છે. બ્રિટન, ફ્રાન્સ અને અન્ય દેશોમાં પણ બટાકા, ટામેટાં તથા ધાન્યવર્ગના પાકોમાં ઉપયોગ થાય છે. ટામેટામાં ફાલ વધે છે. તથા સૂકારા સામે રક્ષણ મળે છે. http://www.instituteofjamaica.org.-jm/NHD/gulfweed.htm)*

### આંતરખેડ માટે નવુ ઓજાર

**ખેડૂત :** નાથાભાઈ વીરચંદભાઈ પટેલ
મુ. બાન્ટાઇ, તા. દેત્રોજ, જિ. અમદાવાદ,
ફોન : ૦૨૭૧૫-૨૪૨૦૯૦

આજની ખેતીપદ્ધતિની ગોઠવણ એવી રીતે થઈ છે કે, ગામડાંઓમાં બળદોનું સ્થાન ટ્રેક્ટરોએ લીધું છે, પરંતુ હવે વધતા જતા ખર્ચને કાબૂમાં રાખવા ખેડૂતો પોતાની મેળે નાનાં યાંત્રિક ઓજારો અપનાવતા જાય છે. અમદાવાદ જિલ્લાના બાન્ટાઇ ગામના ખેડૂત



નાથાભાઈ વીરચંદભાઈ પટેલએ બજાજ સ્કૂટરના એંજિનનો ઉપયોગ કરી આંતરખેડ કરવા માટે નવીન ઓજાર વિકસાવ્યું છે.

નાથાભાઈ કહે છે, અમદાવાદના કબાડી બજારમાંથી બજાજ સ્કૂટરનું જૂનું એંજિન, ડિફ્રેશન વગેરે ખરીદી લાવ્યો. મનોમન વિચાર્યું હતું તે મુજબ, સૌપ્રથમ આ ઓજાર માટે લોખંડનું એક માળખું બનાવ્યું. ત્યાર બાદ ચિત્રમાં દેખાય છે તે રીતે આગળ સ્કૂટરનાં પૈડાં અને પાછળ રિક્ષાનાં પૈડાં ગોઠવ્યાં અને બેઠકની બાજુમાં ગિયરની વ્યવસ્થા કરી છે.

આ યંત્રથી (૧) ખેડ, આંતરખેડ અને વાવણી કરી શકાય છે. (૨) ખેડ જરૂર મુજબ ઊંડાઈ સુધી કરી શકાય છે. (૩) પાછળના ભાગે રિક્ષાનાં ચાર પૈડાં હોવાથી ભીની માટીમાં સરકી જતું નથી. (૪) એંજિનમાં આર.પી.એમ. ઘટાડી દીધા હોવાથી તાકાતમાં વધારો થયો છે. (૫) એક વીઘા જમીનમાં ખેડ કરવા એક લિટર પેટ્રોલનો વપરાશ થાય છે. નાથાભાઈનાં પત્ની શ્રીમતી ચંપાબહેન આ નવીન સંશોધનથી ખુશ છે. તેઓ કહે છે, હવે અમે ગામના અન્ય ખેડૂતોને ભાડેથી કામ કરવા આ ઓજાર આપીશું. આ સંશોધનની વાત જાણી ઘણા-બધા ખેડૂતો આવું ઓજાર બનાવવા નાથાભાઈનો સંપર્ક કર્યો છે.

*(શ્રી નાથાભાઈને તારીખ ૬ ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ સૃષ્ટિના વાર્ષિક અધિવેશનમાં સૃષ્ટિ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.)*

સંકલન : મહેશ પરમાર

## બળદને વા : ભૂરું કોળું

**ખેડૂત :** રતનભાઈ ગોહાડાભાઈ રાઠવા

મુ. ચોરવાણા, પો. ભીલપુર, તા. છોટાઉદેપુર, જિ. વડોદરા

બળદને વાની સમસ્યા ઉદ્દ્ભવે ત્યારે તેને ખેતીકામમાં ઉપયોગમાં લઈ શકાતો નથી. આ સમસ્યાના ઉકેલ માટે શ્રી રતનભાઈ ગોહાડાભાઈ રાઠવા ભૂરું કોળું ખવડાવી ઇલાજ કરે છે.

ખેડૂતના જણાવ્યા મુજબ; ભૂરું કોળા *(Benincasa cerifera)*ને સમારી અથવા નાના ટુકડા કરી બળદને ૮થી ૧૦ દિવસ સુધી દિવસમાં એક વખત ખવડાવવાથી ફાયદો થાય છે. આ પદ્ધતિ આ વિસ્તારમાં પરંપરાગત રીતે ખૂબ પ્રચલિત છે. આસપાસના લોકો પણ આ પદ્ધતિ અજમાવતા હોય છે.

સંકલન : મુકેશ સોનારા

## મેલી ન પડવી : શીમળાના છાંડા

**ખેડૂત :** પટેલ ભાથીભાઈ માનાભાઈ

મુ. ધમાઇ, ઠે. પટેલ ફળિયું, પો. સાંપા, તા. શહેરા, જિ. પંચમહાલ

ખેડૂતના જણાવ્યા મુજબ; સામાન્ય રીતે પશુને વિયાણ બાદ છથી આઠ કલાકમાં મેલી પડી જાય છે, પરંતુ કેટલીક વખત પશુને મેલી પડતી નથી. આવી સમસ્યા ઉદ્દ્ભવે ત્યારે પંચમહાલના ભાથીભાઈ પટેલ ૧ કિલો શીમળા *(Bombax ceiba)*નાં ઝાડનાં છોડાં લઈ તેના ઝીણા ટુકડા કરી તેમાં ૧ લિટર પાણી ઉમેરી ઉકાળો બનાવવામાં આવે છે. આ દ્રાવણને ઠંડું પાડી કપડાથી ગાળીને પશુને પીવડાવી દેવાથી એક કલાકમાં મેલી પડી જાય છે.

*(શીમળાનો ઉપયોગ ઝાડા, પાતળા ઝાડા, અપચો, તાવ વગેરે માટે નોંધાયેલ છે. વધુ વિગત માટે જુઓ : K11747 : ભટ્ટાચઇ એન. કે. ૧૯૯૨. ફોક યુઝ ઓફ પ્લાન્ટસ ઇન વેટનરી મેડીસીન ઇન સેન્ટ્રલ નેપાલ. ફાઇટોથેરાપીયા, ૬૩(૬) : ૪૯૭-૫૦૬.)*

સંકલન : પ્રવિણ વણકર

## ખરવા મોંવા : બીલું અને અરણીનાં પાન

**ખેડૂત :** બહેચરભાઈ ભીખાભાઈ વણકર

મુ. પો. મટોડા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા

ખરવા થયેલ પશુના પગની ખરીમાં ચાંદાં પડે છે, તેથી પશુને ચાલવામાં તકલીફ પડે છે. આ રોગ ચેપી છે. તે ખૂબ ઝડપથી ફેલાઈ જાય છે.


સાબરકાંઠાના બહેચરભાઈ વણકરના જણાવ્યા પ્રમાણે; બીલીનું એક ફળ લઈ તેનો માવો તેની સાથે ભળે એટલા પ્રમાણમાં અરણી *(Clerodendrum phlomidis)*નાં પાન વાટવા. ત્યાર પછી ચાંદાં પડેલ ભાગ પર લગાવી પાટો બાંધી દેવો. આ રીતે બેથી ત્રણ દિવસ દવા લગાવવાથી રૂઝ આવી જાય છે અને પશુને આરામ થાય છે.

*(બીલીના ફળનો માવો વાટીને તેમાં ગોલરનો ગુંદર ભેળવી આ મલમ ચાંદા પર લગાવવાથી રૂઝ આવે છે. વધુ વિગત માટે જુઓ : હની બી એપ્રિલ-જુન ૨૦૦૦, બીલીના ફળનું શરબત ઝાડા અને પાતળા ઝાડામાં રાહત આપે છે. http://www.hort.purdue.edu/newcrop/parmar/101.html)*

સંકલન : મહેશ પરમાર

## પશુ ડૉક્ટરના સ્વાનુભવો

ડૉ. પોષક આર. પટેલ, નાયબ પશુપાલન નિયામકશ્રી, વિવિધલક્ષી પશુચિકિત્સાલય, પોલીક્લનિક, સીદસર રોડ, વાળંદ સોસાયટી પાસે, ભાવનગર- ૩૬૪૦૦૨
ફોન : ૦૨૭૮-૨૫૬૯૨૧૩,
ઇમેલ:drposhak@yahoo.co.in



લોકસરવાણી થકી સૃષ્ટિનું નામ અને કામ જાણ્યું. ૧૯૯૧થી ૨૦૦૨ સુધી પંચમહાલ અને સાબરકાંઠામાં પશુચિકિત્સક



શું આપ લોકજીભે રહેલ જ્ઞાનનું ધોવાણ અટકાવવામાં સહભાગી થશો?

તરીકે ગ્રામીણ પશુવૈદ્યો સાથેના જાતઅનુભવોની કેટલીક વિગતો આપને લખી મોકલાવું છું.

**પશુને ઝેર ચડવું**

મુ. રેલ્લાવાડા, તા. મેઘરજ, જિ. સાબરકાંઠામાં ગંધાતી (*Lantana camara*- જમજાળુ કે ગેબળુ) ખાવાથી પશુઓમાં મૃત્યુનું પ્રમાણ ખૂબ જોવા મળતું હતું. અમારી દવાઓ અસરકારક ન જણાતાં એક શિક્ષિત પશુપાલક મગનભાઈ ગરાસીયા મુ. ઝેરિયાવાડા, તા. મેઘરજ, જિ. સાબરકાંઠા દ્વારા ખાટી વેલના મૂળને વાટીને તેનો રસ બળદને સોજો આવેલા ભાગ પર લગાડી બાકીનો રસ પીવડાવી દેવામાં આવ્યો. મેં મારી નજર સમક્ષ માત્ર ૨૪ કલાકમાં પરિણામ જોયું, જે માની ન શકાય તેટલું સુંદર હતું.

ત્યાર બાદ મારા કાર્યકાળ દરમ્યાન ગંધાતીનાં પાનની આડઅસરથી ઘણા બધા પશુઓને ઉપરોક્ત સારવારથી ફાયદો જોવા મળેલ છે.

**પશુને ઝાડા**

પશુને ઝાડાની તકલીફમાં જ્યારે મારી દવા કારગત સાબિત ન થઈ ત્યારે મુ. કડિયાદરા, તા. ઈડર, જિ. સાબરકાંઠાના ઉત્સાહી ખેડૂત મનુભાઈ પટેલના જણાવ્યા મુજબ; બીલીનાં ફળનો માવો, છાશ, થોડું સંચળ અને કાથો *(Acacia catechu)* મિશ્ર કરી પશુને પિવડાવવાથી ખૂબ જ સારું પરિણામ મળ્યું હતું, જેનો મેં ઘણાં નાનાં પશુઓમાં સફળતાપૂર્વક પ્રયોગ અજમાવેલ છે.

અત્યારે મારે અહીં અમરેલી-ભાવનગર આ બે જિલ્લામાં પશુસારવાર કેમ્પ, રાત્રિ સભા, ખેડૂત તાલીમ કેન્દ્રમાં અવાર-નવાર ચર્ચા - વિચારણા થાય છે, હું જે કોઠાસૂઝ પદ્ધતિઓ જાણીશ તે તમારા સુધી પહોંચાડવા પ્રયત્ન કરીશ.

*(આપ જેવા પશુ ડૉક્ટરો પોતાના જાત અનુભવ લોક્સરવાણીને લખી મોકલાવશે તો જ્ઞાનના ધોવાણને અટકાવવામાં ઘણી મદદ મળશે.)*

# અનાજસંગ્રહ કેવી રીતે કરશો?

ઘઉં, ચોખા, ચણા અને કઠોળના સંગ્રહ માટેની દેશી પદ્ધતિઓનો સારાંશ અહીં રજૂ કરેલ છે. વાચકોને વિનંતી છે કે, આ પદ્ધતિઓનો ઉપયોગ કરી અનુભવો લખી મોકલાવે.



બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ગોળા ગામના લાલજીભાઈ વાલાભાઈ ચૌધરી જણાવે છે કે; ૨૦ કિલો ચણામાં ૧૦૦ ગ્રામ ફુદીનાનાં સૂકાં પાન નાખવાથી લાલ ધનેરાં પડતાં નથી.

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના કુકડી ગામના ખેમાભાઈ ધીરાભાઈ તરાલ કહે છે; ૨૦ કિલો ચોખાના સંગ્રહ માટે ૩થી ૪ કિલો વડના સૂકા પાનનો ઉપયોગ કરવાથી સફેદ ઇયળો અને ધનેરા પડતાં નથી. આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના જાખલા ગામનાં શ્રીમતી કાન્તાબહેન ગોવિંદભાઈ પટેલ કહે છે, ૨૦ કિલો ચોખામાં ૨૦૦થી ૩૦૦ ગ્રામ કોપરાની છીણ મિશ્ર કરવાથી ફાયદો થાય છે.


ઘઉંના સંગ્રહ માટે જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના ભાટ ગામના રામભાઈ ડોશાભાઈ સાવલિયા કહે છે; ૨૦ કિલો ઘઉંમાં દીવાસળીના એક ખોખાની સળીને દોરી વડે ક્રમશઃ માળાની જેમ બાંધી સંગ્રહ કરવાથી અનાજ બગડતુ નથી. જ્યારે દીવાસળી કાઢવી હોય ત્યારે એકસાથે નીકળી જાય છે. આ પદ્ધતિમાં ઘઉનો ઉપયોગ કરતાં પહેલાં ઊપણીને સાફ કરવામાં આવે છે.

વાંસદા તાલુકાના કણધા ગામના હરજીભાઈ દેવલુભાઈ કોમ કહે છે; ૨૦ કિલો ઘઉંમાં ૨૫૦ ગ્રામ બોડુથરાં (ગોરખમુંડી- *Sphaeranthus indicus*)નાં ફળ અને ૫૦૦ ગ્રામ લીમડાના સૂકાપાનનો ઉપયોગ કરવાથી ઘઉં બગડતા નથી. વાંસદા તાલુકાના કણધા ગામના દળજુભાઈ જીવાભાઈ જાદવ કહે છે; ૧૦૦ કિલો તુવેરના સંગ્રહ માટે ૮થી ૧૦ નંગ મીંઢળ મૂકવાથી જીવાત પડતી નથી.

આ ઉપરાંત અનેક પરંપરાગત પદ્ધતિઓમાં છાપાંના કાગળના ટુકડા, આખા મરચાના ટુકડા, દીવેલ વગેરેનો ઉપયોગ જાણીતો છે. આદિવાસી વિસ્તારની એક પરંપરાગત પદ્ધતિ ખૂબ જાણીતી છે. સંગ્રહ માટેના પાત્રમાં અનાજ ભર્યા પછી ગાયના ઘીનો દીવો સળગાવી કોઠીને હવાચુસ્ત બંધ કરવામાં આવે છે જેથી, પ્રાણવાયુ (ઑક્સિજન) પૂરો થતાં દીવો ઓલવાઈ જાય છે. કોઠીમાં પ્રાણવાયુ ન હોવાથી જીવાત પડતી નથી અને અનાજ બગડતુ અટકે છે.

**વૃક્ષપ્રેમ**

# વૃક્ષઉછેરની અનોખી પદ્ધતિ : રેતી પાઈપ પ્રયોગ



શ્રી પ્રેમજીભાઈ પટેલએ સૂકા પ્રદેશો માટે વૃક્ષઉછેરની એક અનોખી પદ્ધતિ વિકસાવી છે. આ પ્રયોગને રેતી-પાઇપ પ્રયોગ નામ આપવામાં આવ્યું છે. આ પદ્ધતિમાં તસવીરમાં બતાવ્યા મુજબના તબક્કા પ્રમાણે રોપાણી કરવામાં આવે છે.

**તબક્કો :**

૧. જમીનમાં એક ફૂટ સુધી ખાડો કરી રોપાને સીધો મુકવામાં આવે છે.

૨. ૬ ઇંચ વ્યાસ અને ૨ ફૂટ લંબાઇવાળી પી.વી.સી. પાઇપ રોપાની બાજુમાં મૂકવામાં આવે છે.

૩. ખાડો માટીથી ભરી દેવામાં આવે છે.

૪. હવે પાઇપમાં જમીનના સ્તર સુધી નદીની રેતી ભરવામાં આવે છે.

૫. પાઇપને ધીરેથી ખેંચી લેવામાં આવે છે. આનાથી રોપાના મૂળની આસપાસ રેતી છવાય જાય છે.

૬. એકથી બે ડોલ પાણી પાવામાં આવે છે. પાણી આજુબાજુ ન જતાં સીધું રેતીવાળા ભાગમાં પહોંચે છે અને મૂળ પ્રદેશમાં લાંબા સમય સુધી ભેજ જાળવી રાખે છે. આનાથી મૂળનો વિકાસ સારો થાય છે અને રોપો જલ્દીથી ઊછરે છે.

૭. ઓછો વરસાદ હોય ત્યારે ઉનાળા અને શિયાળા દરમ્યાન છ મહિનામાં એકથી બે વાર પાણી આપવા છતાં ભેજ જળવાઈ રહે છે.

આ પદ્ધતિથી મૂળ પ્રદેશની આસપાસ રેતી ભરી લાંબા સમય સુધી ભેજ ટકાવી શકાય છે. પાણીનો મહત્તમ ઉપયોગ થાય છે અને મૂળનો સારો વિકાસ થવાથી છોડ ઝડપથી ઊછરે છે.

**પ્રયોગ અજમાવ્યો**

* ૨૦૦૩-૦૪ દરમ્યાન સંશોધકે આ પદ્ધતિ દ્વારા લીમડાના ૭૦૦૦ વૃક્ષ રાજકોટ જિલ્લાના જામકંડોરણા ગામ અને ગોંડલ તાલુકાના મેસપર - આંબરડી ગામમાં ઉછેર્યાં છે.
* પ્રેમજીભાઈએ ૨૦૦૪ના વર્ષમાં ત્રણ પ્રકારના પ્રયોગ અજમાવ્યા છે, જે હાલ નિરીક્ષણ હેઠળ છે. આ પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ છોડની પાણીની જરૂરિયાત અને સંગ્રહ કરેલ પાણીના કાર્યક્ષમ ઉપયોગ વિશે અધ્યયન કરવાનો છે.

*ઉપલેટામાં વૃક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટ નામે સંસ્થા છે, જે વનીકરણ અને જળસંરક્ષણનું મહત્વપૂર્ણ કાર્ય કરે છે. ખાસ કરીને ગુજરાતમાં ગાંડા બાવળના પ્રચાર સાથે પ્રેમજીભાઈનું નામ જાણે-અજાણે જોડાયેલું રહ્યું છે. ચેકડેમની અવનવી અને ટકાઉ પદ્ધતિઓ વિકસાવવામાં પણ પ્રેમજીભાઈ માહિર છે. અહીં વૃક્ષ ઉછેરની અનોખી પદ્ધતિનું વિવરણ પ્રસ્તુત કર્યું છે. પ્રેમજીભાઈ દ્વારા બનાવેલા ચેકડેમની રસપ્રદ વાતો આગામી અંકોમાં સચિત્ર પ્રકાશિત કરીશું. વૃક્ષ ઊછેરની આ પદ્ધતિ અજમાવવા વાચકોને અનુરોધ છે. શું જંગલખાતાની વૃક્ષઉછેર પ્રવૃત્તિઓ કે સંસ્થાગત જાહેર વૃક્ષારોપણમાં આ પદ્ધતિનો ઉપયોગ થશે ખરો? - તંત્રી*





શું આપ લોકજીભે રહેલ જ્ઞાનનું ધોવાણ અટકાવવામાં સહભાગી થશો?


૧. વરસાદ અગાઉ મે-જૂનમાં ૨૦૦૦ રોપાનું વાવેતર કરી એક વખત પાણી આપ્યું છે.

૨. વરસાદ પૂરો થયા પછી ૧૫૦૦ રોપાનું વાવેતર કરી, જેમાં ઓકટોબર-નવેમ્બરમાં ત્રણ વખત પાણી આપ્યું છે. ત્યાર બાદ પાણી આપ્યું નથી અને આપવાનું પણ નથી.


૩. ફેબ્રુઆરીની શરૂઆતમાં ૧૦૦૦ રોપાનું વાવેતર કર્યું છે, જેને ફેબ્રુઆરીમાં જ બે વખત પાણી આપ્યું છે. પ્રેમજીભાઈનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, જ્યારે ઉનાળામાં પાણી ન હોય ત્યારે પણ વૃક્ષને કેવી રીતે જીવિત રાખી શકાય? અથવા કઈ પદ્ધતિથી વધુ ને વધુ છોડ જીવંત રહી શકે છે?

* શ્રી પ્રેમજીભાઈએ ૨૦૦૩-૦૪ની ખરીફ મોસમ અગાઉ ઉગાડેલા રોપાનું નિરીક્ષણ કરતાં ૯૦ ટકાથી વધારે સફળતા જોવા મળી હતી.
* આ સફળતાથી પ્રેરાઈને આ વરસે ૨૦૦૫માં ૫૦૦૦ વૃક્ષ ઉછેરવાની નેમ રાખી છે.
* પ્રેમજીભાઈ વન વિભાગનો સંદર્ભ ટાંકી જણાવે છે કે; વરસાદની મોસમમાં ઉગાડેલાં વૃક્ષોમાંથી ૩૦ ટકા જીવંત રહે તે સફળતા સારી ગણાય છે.


**સંશોધક :** પ્રેમજીભાઈ પટેલ
વૃક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટ, ઉપલેટા, જિ. રાજકોટ
ફોન : ૦૨૮૨૬- ૨૨૦૧૩૦,૨૨૦૨૨૧, મોબાઇલઃ ૯૪૨૬૨૦૨૩૪૦





**તબક્કો : ૧**





**તબક્કો : ૨**





**તબક્કો : ૩**




**તબક્કો : ૪**




**તબક્કો : ૫**




**તબક્કો : ૬**

# શોધયાત્રા બની શ્રમયાત્રા...

*વર્ષમાં બે વખત સહુથી વધારે ઠંડી અને ગરમી હોય ત્યારે સૃષ્ટિ અને હની બી નેટવર્ક દ્વારા શોધયાત્રા યોજાતી હોય છે. ૧૪મી યાત્રા કેરળમાં યોજાવાની હતી, પરંતુ દક્ષિણ ભારતના સમુદ્રકાંઠાના વિસ્તારોમાં સુનામીથી જે તબાહી સર્જાઈ તેને ધ્યાનમાં રાખી શોધયાત્રા શ્રમયાત્રા તરીકે યોજવાનુ નક્કી થયું. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ કચ્છમાં ભૂકંપ બાદ ત્યાં પણ શ્રમયાત્રા યોજી હતી. કચ્છમાં રાપર તાલુકામાં સૃષ્ટિ પ્રેરિત સૃષ્ટિ બાળગ્રામ શાળાઓ આજે'ય ચાલુ છે. તામિલનાડુમાં પણ હની બી નેટવર્ક શ્રમયાત્રા બાદ પણ જરૂરી અનુસરણ (ફોલોઅપ) કરનાર છે. અહીં પ્રસ્તુત છે શ્રમયાત્રાનો સંક્ષિપ્ત અહેવાલ **ધવલ વ્યાસ**ના શબ્દોમાં...*




સુનામીપીડિત લોકોની મદદ કરવા હની બી નેટવર્કની મદુરાઈસ્થિત સહયોગી સંસ્થા **સેવા**એ રાહતકામગીરીની વ્યવસ્થાનું બીડું ઝડપી લીધું. નાગાપટ્ટીનમ જિલ્લાનાં અમુક ગામો રાહતકામગીરી માટે પસંદ કરવામાં આવ્યાં. માત્ર આ જિલ્લામાં જ ૬૦૦૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાં છે તથા અનેક લોકોનાં ઘર તથા ઢોર-ઢાંખર નાશ પામ્યાં છે. આ વિનાશનો સીધો સબંધ તેમના ગામથી દરિયાકિનારેના અંતર સાથે હતો.

આ ૧૪મી શોધયાત્રા (શ્રમયાત્રા)નું આયોજન ૧૯થી ૨૪ જાન્યુઆરી, ૨૦૦૫ દરમ્યાન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતમાંથી ૨૫ શોધયાત્રીઓએ ભાગ લીધો હતો, જે પૈકી ચાર સંશોધકો (અમૃતભાઈ અગ્રાવત-ઉલાળી શકાય તેવું બળદગાડું, ભાણજીભાઈ માથુકિયા- મિની ટ્રેક્ટર, ગણેશભાઈ ડોડિયા-બુલેટ સ્પ્રેયર પંપ અને પરબતભાઈ વાઘાણી-પગેથી ચાલતો સ્પ્રેયર પંપ), ત્રણ પરદેશી વિદ્યાર્થીઓ, ૧૦ ખેડૂતો (જૂનાગઢ અને ભાવનગર જિલ્લાના), ચાર ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ તથા ચાર સૃષ્ટિના કાર્યકર્તાઓ હતા. આ ઉપરાંત તામિલનાડુ સેવા સંસ્થાના પાંચ કાર્યકરો, બે સંશોધકો અને મદુરાઈ એન્જીનીયરિંગ કોલેજના ૧૫ વિદ્યાર્થીઓ પણ આ શ્રમકાર્યમાં જોડાયા હતા.

શોધયાત્રાની શરૂઆત પહેલાં જ હની બી નેટવર્કના પંજાબના સહયોગી શ્રી **જન્મેજા જોહલે** એક ખટારો ભરીને ધાબળા, કપડાં તથા અન્ય રાહતસામગ્રી અસરગ્રસ્તો માટે મોકલાવી દીધી હતી. હની બી નેટવર્કના મદુરાઈસ્થિત સેવા સંસ્થાએ પણ તાત્કાલિક રાહત માટે બે ખટારા ભરીને કપડાં, અનાજ, દવાઓ વગેરે મોકલાવી આપ્યા હતા.

આ આખી શોધયાત્રાનું આયોજન પણ સેવાએ કર્યુ હતું. તેઓએ નાગાપટ્ટીનમ જિલ્લાના દરિયાપટ્ટીનાં ગામોનો સર્વે કરીને સૌથી વધુ અસરગ્રસ્ત એવા નાગાપટ્ટીનમ જિલ્લાના થરંગાંબડી, કુટ્ટીઅંડુર, વેલ્લાકોઇલ, પુઢુપેટ્ટઇ, પેરુમલપેટ્ટઇ, માણિકંપગ્ગ, થાલમપેટ્ટઇ, ચંદ્રાપડી, કેશવન પાલયમ જેવાં ગામોની પસંદગી કરી હતી.

શોધયાત્રીઓએ પોતાનો પડાવ, જે વિસ્તારમાં કામ કરવાનું હતું તેનાથી આશરે પાંચ કિલોમીટરના અંતરે નાખ્યો હતો. શોધયાત્રીઓ રોજ સવારે આઠ વાગ્યે નીકળીને જે તે ગામમાં પહોંચી જતા અને ત્યાં જઈને ગ્રામવાસીઓ સાથે વાત કરી તેમને જરૂરી એવું કામ પૂછી પોતાની સંપૂર્ણ કાર્યદક્ષતા સાથે તે કામમાં જોડાઈ જતા હતા. આ ગામોમાં રસ્તાઓ સુનામીના પૂરને કારણે ધોવાઈ ગયા હતા અને આ રસ્તાઓની મરામતનું કામ જરૂરી હતું. સૌ શોધયાત્રીઓએ આ કામ હોંશે હોંશે ઉપાડી લીધુ હતું.

અમે સૌપ્રથમ ગામમાં જઈ ગામલોકોને એક જગ્યાએ એકત્ર થવાનું કહેતા, જ્યાં તેમની મુશ્કેલીઓ, જરૂરિયાતો, સરકાર તરફથી કે અન્યો તરફથી તેમની અપેક્ષાઓ વગેરે વિશે પૂછતા અને આ ચર્ચાને આધારે અમો અમારું કામ શરૂ કરતા. ઘણી વખત ગ્રામવાસીઓને બહુભાષીય સંગ્રહકોશ બતાવતા અને તેમાંથી તેઓને બંધ બેસતી હોય તેવી અથવા તો તેમને રસ પડે તેવી ટેકનોલોજીઓ (સંશોધનો) તેઓને ઉપલબ્ધ કરાવી આપવાની પણ બાંયધરી આપતા, જેથી તેઓ પોતાનું જીવન અને અર્થોપાર્જન પુનઃ શરૂ કરી શકે.





શું આપ લોકજીભે રહેલ જ્ઞાનનું ધોવાણ અટકાવવામાં સહભાગી થશો?



આ ગામોમાંથી અમને એક વાત એ જાણવા મળી કે વધુ નુકસાન થયું હોય તેવો સમાજ માછીમારોનો હતો, કેમ કે તેઓ દરિયાની ખૂબ જ નજીક રહેતા હતા. જે ગામમાં ખેડૂતની વસ્તી છે તે ગામો દરિયાથી થોડેક દૂર છે અને જેથી તેમને શારીરિક નુકસાન ઓછું નડ્યું છે, પરંતુ ખેતરમાં મગફળી અને ડાંગરનો પાક સંપૂર્ણપણે ધોવાઈ ગયો હતો. માછીમારો આટલા દિવસ પછી પણ દરિયામાં પ્રવેશવા રાહ જોઈને બેઠા હતા, કારણ કે તેમની હોડીઓ અને માછલાં પકડવાની જાળો નાશ પામી છે. **સૃષ્ટિ** સંસ્થાએ વેલ્લાકોઇલ ગામમાં એક જાળ દાનમાં આપી, જેથી કરીને ગામલોકો સહિયારા પ્રયત્નો કરી રોજી ચાલુ કરી શકે. આ જ ગામમાં એક છોકરી હતી, જેણે તેનાં માતા-પિતાને આ સુનામીમાં ગુમાવ્યાં છે. તેની આજીવિકાનું સાધન એવો સિલાઈનો સંચો પણ આ પૂરમાં તણાઈ ગયો હતો. રાજકોટના શોધયાત્રી **શ્રી કિરણભાઈ ધોળકિયા**એ આ છોકરીને એક સિલાઈ મશીન



આપાવ્યું, જેથી તે પોતાની આજીવિકા ચાલુ કરી શકે.

કેશવન પાલયમ ગામમાં સભા દરમ્યાન એક મહિલાએ આગળ આવીને કહ્યું કે તેમને જીવનની પુનઃ શરૂઆત કરવા માટે ઘણા લોકોએ ઘરવખરી આપી છે, પરંતુ શાળાએ જતાં બાળકોનો કોઈએ વિચાર કર્યો નથી. તેમણે આશરે ૯૦ બાળકો માટે દફતર (સ્કૂલ બેગ)ની માંગણી કરી. આ ગામની કુલ વસ્તી ૮૩ ઘરોની છે. ગઢડાના સંશોધક શોધયાત્રી શ્રી પરબતભાઈ વાઘાણીએ બાળકોને આ દફતર આપવાની પહેલ કરી. સૃષ્ટિની ભગિની



સંસ્થા સેવાએ આ ગામમાં ફક્ત રાહતની જ નહિ, પરંતુ પુનઃ વસનની કામગીરી ઉપાડી લીધી છે. ગામની મહિલાઓએ સિલાઈ કામ શીખવાની અને તેને પોતાનો વ્યવસાય બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી. કાલાવડના સંશોધક **શ્રી ભાણજીભાઈ માથુકિયા** અને રાજકોટના **શ્રી કિરણભાઈ ધોળકિયા**એ એક-એક સિલાઈ મશીન આ ગામમાં આપ્યું છે. સેવા સંસ્થાએ મહિલાઓને સિલાઈ કામનું શિક્ષણ આપવાની જવાબદારી સ્વીકારી લીધી છે. આ ગામની બધી જ વસ્તી ખેડૂતોની છે, જેમનાં ખેતરનો પાક અને ખેતરની ફળદ્રુપતા નષ્ટ થઈ ગઈ છે. **સૃષ્ટિ**એ ગામમાં ઘરદીઠ એક બકરી



આપવાની વ્યવસ્થા કરી છે, જેથી ગ્રામવાસીઓને તેમનાં બાળકો માટેની દૈનિક દૂધની જરૂરિયાત સંતોષાઈ શકે.

ખારા પાણીના પ્રભાવથી ખેતરનો પાક અને ચારો (કડબ) ખરાબ થઈ ગયો છે. ઘણા ખેડૂતોએ જણાવ્યું કે, આવો ચારો ખાવાથી આ ગામોમાં પેટની બીમારી થઈ સુનામી બાદ ઘણાં પશુઓ મૃત્યુ પામ્યાં છે. પશુઓ માટે ચારાની આ ગંભીર સમસ્યા જોતાં સેવા સંસ્થાએ પશુઓ માટે ખાણદાણની વ્યવસ્થા કરી છે. ૨૪મી તારીખે શોધયાત્રીઓ ભારે હૈયે પાછા ફરવા રવાના થયા. સૃષ્ટિ અને હની બી નેટવર્કના પ્રયત્નો હજુ પણ ચાલુ છે, સેવા સંસ્થાએ તેની એક શાખા આ વિસ્તારમાં શરૂ કરી દીધી છે, જે ઓછામાં ઓછાં આવતાં બે વર્ષ સુધી કાર્યરત રહેશે. સૃષ્ટિ અને હની બી નેટવર્કના અન્ય સહયોગીઓ આ ભગીરથ કાર્ય માટે પોતાની મદદ સતત ચાલુ રાખશે.



# એન.આઇ.એફ. ઈનામ વિજેતા સંશોધકો...

*રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન (એન.આઇ.એફ.) તરફથી ૫ જાન્યુઆરી, ૨૦૦૫ના રોજ માનનીય રાષ્ટ્રપતિના હસ્તે ભારતીય પ્રબંધ સંસ્થાન ખાતે ૧૦૦ જેટલા સંશોધકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સંશોધકો પૈકી કેટલાકની વિગતો અહીં રજૂ કરેલ છે.*

**એચએમટી ડાંગરની જાત**

**દ્વિતીય પુરસ્કાર**



દાદાજી ખોબ્રાગેડે કોઈ પણ વૈજ્ઞાનિક સંગઠનની મદદ વગર પોતાના નાના બગીચામાં પાંચ વર્ષની મહેનત અને સંશોધન કર્યા પછી પરંપરાગત ચોખાની જાત પટેલ-૩(જબલપુરની એગ્રીકલ્ચર યુનીવર્સિટીના ડૉ.જે.પી. પટેલે વિકસાવેલ) માંથી પસંદ કરીને નવી ડાંગરની જાત HMT ઉગાડી છે. આ જાત હેક્ટર દિઠ ૪૦-૪૫ ક્વિન્ટલની ઉપજ આપે છે. તેનો દાણો નાનો હોય છે. તેમાંથી ૮૦% ટકા ચોખા મળે છે. સારી સુગંધ અને રસોઈમાં માતૃજાતિ કરતા સારી ગુણવત્તા આપે છે. આ જાત અત્યારે આંધ્રપ્રદેશ, ગુજરાત, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વેચાય છે. ખોબ્રાગેડે છેલ્લા ૨૦ વર્ષમાં બીજી સાત જાતો તૈયાર કરી છે. આ ડાંગરના HMT સિવાયના નામો છે. ચનૌર, નાંદેદ ૯૨, નાંદેદ હિરા, ડી આર કે, નાંદેદ, દિપકરત્ના અને ૨૦૦૧ની એક અનામી જાત છે. આ બધી જાતોની સરેરાશ ઉપજ ૧૫-૧૬ ક્વિન્ટલ પ્રતી એકર છે.

**સંશોધક :** દાદાજી રામાજી ખોબ્રાગેડ, મુ. નાંદેદ (નાના વનગ્રામ), તા. નાગબીડ, ચંદ્રપુર (મહારાષ્ટ્ર), ફોન. ૦૭૧૭૯-૨૫૩૦૦૫

**ઈન્દ્રાસન સીંઘ અને 'ઈદ્રાસન' જાતના ચોખા**

**દ્વિતીય પુરસ્કાર**

ઈન્દ્રાસને પોતાના નામ ઉપરથી 'ઈન્દ્રાસન' નામની ચોખાની જાત વિકસાવી છે. આ જાત હેક્ટર દિઠ ૮૦૦૦ કિલો ઉપજ આપે છે, જે પરંપરાગત ડાંગરની જાતોની સરખામણીમાં ઘણી વધારે છે. પરંપરાગત ચોખાની કાંજીના વિકલ્પ કરતા આ જાતમાંથી મળતી કાંજી વધારે ગુણવત્તા વાળી હોય છે. આ જાતનું વિલક્ષણ ચિહ્ન તેના લાલ રંગના મૂળીઆ છે. આ જાત ૧૨૦ દિવસમાં પરિપક્વ થાય છે. બીજી પરંપરાગત જાત કરતા આ જાત વધારે



રોગપ્રતિકારક છે. હવે 'ઈદ્રાસન' જાત પ્રમાણિત બીજની યાદીમાં સ્થાન પામી છે. ઈદ્રાસન સીંઘએ પોતાના બગીચાને પંતનગર યુનિવર્સિટીની સહાયથી બનાવ્યો છે.

**સંશોધક :** ઈન્દ્રાસન સીંઘ, ગામ. ઇન્દરપૂર, પ્રતાપપૂર, જિ. ઉધમસીંગ નગર, ઉત્તરાંચલ, ફોન- ૦૫૯૪૪-૨૮૦૧૮૭

**તીવ્ર ખાટા લીબુની જાત**

**તૃતીય પુરસ્કાર**

ઍંટોની સામીએ જંગલી લીબુની કલમ કરી એક નવીન તીવ્ર ખાટા લીબુની જાત વિકસાવી છે. આ કલમ કરેલ છોડ દુષ્કાળ સામે સહનશીલ, ઓછી ઊંચાઈ ધરાવતો અને સૂકારા સામે પ્રતિકારક છે. આ છોડ ઝડપથી વૃધ્ધિ પામતો છોડ તો છે જ સાથે સાથે તે રોગમુક્ત અને જંતુપ્રતિકારક પણ છે. આ પ્રદેશમાં થતી અન્ય જાતો કરતા આ છોડને ૨૦% ઓછી જળની જરૂરત પડે છે. લોકપ્રિય જાતો માં ૬૦% ફળો ઉત્તમ કક્ષાના હોય છે. જ્યારે આ જાતમાં ૯૦% ફળો ઉત્તમ કક્ષાના હોય છે. આ જાત પ્રતિ હેકટરે ૩૦,૦૦૦ કિલો ઉપજ આપે છે. તેના ફળો વધારે મોટા, રસદાર અને સ્વાદિષ્ટ હોય છે. અને એટલે અથાણાં અને બીજા તૈયાર કરાતાં ખાદ્યો માટે વધારે ઉપર્યુક્ત છે. આ જાત આસપાસના સ્થાનિક બજારોમાં ઉંચા ભાવે વેચાય છે. ધ ઈન્ડીયન સોસાયટી ફોર સર્ટીફીકેશન ઓફ ઓર્ગેનિક પ્રોડક્ટસ દ્વારા આ બગીચાનું નિરીક્ષણ કર્યું છે અને પ્રમાણપત્ર આપ્યું છે કે આ બગીચો ભારત સરકારના નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનીક પ્રોડક્ટસના માપદંડ પ્રમાણે છે.

**સંશોધક :** વી. એન્ટોની સામી, ૫૩-બી, પશ્ચિમકાર શેરી, ચિંતામણી, પુલીયાન ગુડી, ભરુનૈવેલી, ફટ્ટબોજમન (તામીલનાડુ)

**મધમાખીમાં ફૂગનું નિયંત્રણ**

**તૃતીય પુરસ્કાર**



વી.જે. જોસેફે એક સ્વદેશી ઔષધ વિકસાવ્યું છે જેનાથી તેઓ ચોકબૂડ નામની ફૂગનું નિયંત્રણ કરે છે. ૧૯૮૪માં કેરળમાં મધમાખી ઉદ્યોગ આ ફૂગના કારણે લગભગ મૃતપ્રાય થઈ ગયો હતો. આ રોગ મધમાખીની ઈયળોને અસર કરે છે અને છેવટે તેમનો નાશ કરે છે. બચેલી મધમાખીઓ બેચેન, નિર્બળ અને ગાઢા રંગની બની જાય છે અને આવી અવસ્થામાં રાણી ઈંડા મૂકવાનું બંધ કરી દે છે. જેનાથી છેવટે વસાહતનો નાશ થાય છે. આ દવા મોટા મોઢાંવાળા સપાટ પાત્રમાં રાખવામાં આવે છે, જેને જાળીથી ઢાંકવામાં આવે છે અને મધમાખીની વસાહત સાજી ન થાય ત્યાં સુધી આ રીતે મૂકવામાં આવે છે. આ એક સંપૂર્ણ વાનસ્પતિક ઔષધ છે. જેનાથી મધ અથવા માખીને કોઈપણ જાતની ખરાબ અસર નથી થતી. આનું મહત્વ એટલું વધારે છે કે, રોગનો બીજો કોઈ ઈલાજ ન હતો અને વસાહતને બચાવવા બીજી મધમાખીઓમાંથી નવી રાણી સ્થાપવાનો જ



શું આપ લોકજીભે રહેલ જ્ઞાનનું ધોવાણ અટકાવવામાં સહભાગી થશો?



હતો જે પ્રયોગ સફળ થતો ન હતો. આ દવાનો ખર્ચ એક ખોખાની રોગિષ્ઠ વસાહત માટે માત્ર રૂા. ૧૫૦ નો થાય છે. આ ખર્ચો નગણ્ય છે કારણ કે ડીસેમ્બર-એપ્રિલમાં એક ખોખામાંથી લગભગ ૧૫-૨૦ કિલો મધ મેળવી શકાય છે અને તેને રૂા.૬૦/- પ્રતિ કિલોના ભાવે વેચી શકાય છે.

**સંશોધક :** વી.જે. જોસેફ, વડેક્કેડાયુ હાઉસ, ઈન્ગોથ, પો.ઓ. પદન્નાકડ, કંચનગાડુ, જી. કાસરગોડ, કેરળ, ફોન : ૦૪૬૭-૨૨૦૫૨૬૧

### ચોખાની મિલ
### વિશેષ મરણોત્તર પુરસ્કાર

૧૯૬૦ના દાયકામાં સ્વ. ભુવનેશ્વર બર્થાકુરે



આસામની ચોખા મિલ ઉદ્યોગમાં ક્રાંતિકારી ફેરફાર લાવી દીધાં. ૧૯૬૭માં તેમણે પોતાની શોધોના સ્વરક્ષણ હકો મેળવ્યાં. તેમના સંશોધનમાં તેમણે પરંપરાગત છોતરા ઉતારતા રબર રોલરની અને ચમક આપતા ભાગોને બદલે ખનીજ અને રબર રોલ શેલર કે જેમાં દળવાનું ખાનું અને ચક્ર શંકુ આકારના હતા અને પ્રવેશનળી વધારે વ્યાસની હતી. આ સંશોધિત યંત્રથી તે વખતના વપરાતા રબર રોલ શેલર અને પોલિશથી જે ૬૫% ઉત્પાદન આપતા હતા તેની જગ્યાએ ૭૫% ઉત્પાદન આપી શકતા હતાં. આ સિવાય ફોતરા ઉતારવાની કાર્યક્ષમતા ૮૦-૮૫% સુધી પહોંચી જાય છે અને ખાસ કોઈ તૂટ થતી નથી. ડિસીપ્લીન ઑફ રાઈસ ટેકનોલોજી ધ સેંટ્રલ ફૂડ ટેકનોલોજીકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (C.F.T.R.I.) માયસોરના અધ્યક્ષ ડો. એમ.એસ.આર દેસીકાચરે ૧૯૭૦માં મીલની મુલાકાત લીધી હતી અને તેમણે એક શેલર અને પોલીશર ખરીદ્યા હતા જેથી તેઓ તેમની સંસ્થામાં આની સાચવણી કરી શકે અને આ જ્ઞાનનો ફેલાવો કરી શકે. આખા ભારતમાં એક નાનકડા ગામડામાં વસતા સંશોધક દ્વારા કોઠાસૂઝ જ્ઞાન સંપાદનનો આ અજોડ દાખલો છે.

કાયદા શાસ્ત્રના સ્નાતક થયેલા બર્થાકુર સરકારી નોકરી મેળવી શકતા હતા. પણ તેમના સ્વતંત્ર અને સંશોધક વિચારોને કારણે તેમણે વ્યાપારને



પોતાના વ્યવસાય તરીકે સ્વીકાર્યો અને ઈશાન ભારતના અગ્રસાહસીકો તરીકે આગળ આવ્યા. તેમના બીજા સંશોધનોમાં તેમણે સુધારેલ દાઢી કરવાની રેઝર, ડાંગર છાંડતુ યંત્ર સંશોધિત કરેલું છે. તેમના આ સંશોધનો ભારત આખામાં વખણાયા અને સ્વીકારાયેલા છે. તેમણે સાત સંશોધનના સ્વરક્ષણ હક્કો મેળવ્યા હતા.

**સંશોધક :** ભૂવનેશ્વર બોરઠાકુર, સુશાંતો બારઠાકુર, ફલેટ નં. : બી-૩, કરુણામમયી એપાર્ટમેન્ટ, એસ.સી.રોડ, ઉઝાન બજાર, ગૌહાટી- ૭૮૧૦૦૧, આસામ, ફોન : ૦૩૬૧-૨૫૧૨૧૫૩

### ૧૦૯ વર્ષ જૂનો અવરોધક બંધ
### વિશેષ મરણોત્તર પુરસ્કાર

પદમદત્ત બાલુટિઆ એ ૧૮૮૫માં ભિમતાલમાં એક અવરોધક બંધની રૂપરેખાનું નિર્માણ કર્યું હતું. આજે ૧૦૯ વર્ષ પછી પણ આ બંધ અડીખમ ઉભો છે. અને બાંધ્યા પછી ક્યારેય તેને સમારકામની જરૂરત પડી નથી. આ અવરોધક બંધ તે વખતના કુમાઉના બ્રિટીશ કમિશ્નર કર્નલ રામસે એ ભાભર વિસ્તારનાં લોકોની પિવાના પાણી અને સિંચાઈની સમસ્યા દૂર કરવા માટે બંધાવ્યો હતો. પદમદત્તે વારંવાર કમિશ્નરને પોતાની રૂપરેખા દેખાડી હતી. આ રૂપરેખા જૂની પરંપરાગત ''લેહરીઆ'' પધ્ધતિ ઉપર આધારીત હતી. જે ચોખાના ખેતર માટે બંધાતા બંધ માટે વપરાતી હતી. આ બંધમાં સીમેન્ટ વપરાયો ન હતો. આ બંધમાં પરંપરાગત બાંધકામની વસ્તુઓ જેવી કે ચૂનો, લોટ, કઠોળનો ભૂકો અને ધાન્યનાં સાંઠાનો ઉપયોગ કરાયો હતો. આટલા વર્ષો સુધી આ બંધનું અડિખમ રહેવાનું મુખ્ય કારણ બંધનો બર્હિગોળ ઘાટ છે. જે પાણીના વહેણની સામે છે. બંધની બંને બાજુ પાણીની હાજરી હોવાને કારણે બંધ ઉપર પાણીના દબાણનું ઓછું થવું અને એકને બદલે ચાર પાણી નીકળવાના દરવાજાઓ કે જેના કારણે બંધના બાંધકામ ઉપર આવતું દબાણ સરખી રીતે વહેંચાય જાય છે.

આ બંધ હવે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. અને ભારતીય અને અંગ્રેજોના સાથ સહકાર અને સ્વદેશી જ્ઞાનના વિજયના પ્રતિક રૂપે ઉભો છે.

પદમદત્ત બાલુટિઆ (૧૮૨૬-૧૯૧૦) નૈનિતાલજીના બાલુટી ગામના વતની હતાં. તેઓ મધ્યમ કક્ષાના ખેડૂત હતા. તેમનું જ્ઞાન અને નેતૃત્વના ગુણોને સહુ માનતા હતા અને વિવિધ સમસ્યાઓ માટે તેમની જોડે વિચાર વિમર્શ કરતા હતા. અને તેમના સલાહ સૂચન ઉપર આખા જીલ્લાના લોકો અમલ કરતા હતાં.

**સંશોધક :** પદમદત્ત અને બાલુતિયા, દ્વારા : નવીનચંદ્ર બાલુતિયા ઈન્સ્પાઈરેશન પબ્લીક સ્કૂલ, કાઘ ગોદામ રોડ, હલ્દાની, ઉત્તરાંચલ, ફોન : ૦૫૯૪૬-૨૨૨૨૭૪(ઘર), ૨૨૨૨૫૨(ઓ)

**સંવાદ**

# વાચકોનું કહેવું છે કે...



## અભિનંદન

પી.ડી. પટેલ, ૨૪, તસ્કીન સોસાયટી (દેવનગર), સંતોષી નગર પાછળ, નિઝામપુરા, મુ. વડોદરા

થોડા દિવસ પહેલાં સાંજના સાત કલાકે દૂરદર્શન ઉપર રાષ્ટ્રપતિના હસ્તે સંશોધકોનો સન્માન કાર્યક્રમ જોયો. મને આઠ વર્ષ અગાઉનાં સંસ્મરણો તાજાં થયાં. મને પણ કૃષિવૈજ્ઞાનિક તરીકે ૧૯૯૭માં લોકવિજ્ઞાન સંકલન હરીફાઈમાં સન્માન પ્રાપ્ત થયું હતું. રાષ્ટ્રપતિશ્રીએ કોઠાસૂઝ કસબીઓનું સન્માન કરી આ વિચારધારાને ગૌરવ અપાવ્યું છે. હની બી નેટવર્કના સૌ સાથીઓ અને જ્ઞાનધારકોને હું અભિનંદન પાઠવું છું.

*(માત્ર શુભેચ્છાઓથી કામ નહિ ચાલે, પરંપરાગત જ્ઞાન અને કોઠાસૂઝના કસબીઓને શોધવાના કામમાં મદદ કરો એ જ સાચી શુભેચ્છા ગણાશે.)*

## રાયડા જેવો પાક આડી આકસત

ચીમનભાઈ મણિભાઈ પટેલ, મુ. પીજ, તા. નડિયાદ, જિ. ખેડા- ૩૮૭૨૩૦

મારી ઉમર સીત્તેર વર્ષની છે. અત્યાર સુધીમાં ઘણાં બધાં સંશોધનો આયુર્વેદ તથા તકનીકી ક્ષેત્રે કર્યા છે. ૨૦૦૨માં એન.આઇ.એફ.માં પણ મેં મારી પદ્ધતિઓ જમા કરાવી છે. છેલ્લાં ત્રણ વર્ષથી હું આડી આકસત નામે ઓળખાતી ખાદ્ય મસાલાના પાકની (રાયડા જેવો પાક) ખેતી કરું છું, જેમાં કોઈ જાતના ભેલાણની સમસ્યા નથી. આ પાક કઢીમાં રાયડાની જગ્યાએ વઘારમાં વાપરી શકાય છે. રાયડાની જેમ ગરમ નથી.

મારા અનુભવ મુજબ; વીછીં કરડ્યો હોય તો સાદી બીડીની ઉપરનું મોં ખોલી તમાકુ કાઢી નાખવી. બાદમાં તેમાં વાટેલું જીરુ ભરી વીંછી કરડ્યો હોય તેને બીડી પિવડાવવાથી વીંછીના ડંખની અસર ઓછી થઈ જાય છે.

*(તમારા જેવા વડીલો અનુભવો-પ્રયોગોનું ભાથું લોકસરવાણીને અવિરત પીરસતા રહે એ જ અભ્યર્થના)*

## અનોખો વાનગીમેળો

ભીમશીભાઈ સરમણભાઈ બારૈયા, મુ. ટીટોડી, તા. કેશોદ, જિ. જૂનાગઢ, ફોન- ૦૨૮૭૧-૨૭૯૨૦૨

મેં અત્યાર સુધી કૃષિમેળા, વિજ્ઞાનમેળા, બાલમેળા, પશુમેળા, લગ્નમેળા, લોકમેળા જોયા હતા, પરંતુ પહેલી વખત વીસરાતી વાનગીઓનો મેળો જોયો અને માણ્યો.

વીસરાતાં જતાં ધાન્યો બાળકોએ જોયાં. ગૃહિણીઓએ આવાં ધાન્યોનું સત્ત્વ પારખ્યું. સાચુ કહું આ બે દિવસ અમદાવાદીઓએ ઘરે રસોઈ જ ન બનાવી. લોકોએ પેટ ભરી ભરીને એટલું ખાધું કે તેમનાં પેટ મોટાં થઈ ગયાં! સજીવખેતી કરતા એક ખેડૂત તરીકે મને લાગે છે કે આવા મેળા વધુ ને વધુ યોજાય તો લોકોને જ્ઞાનપ્રદ માહિતીની સાથે-સાથે આવાં ધાન્યોની ખેતી કરનારાઓને પણ લાભ મળતો રહે.

*(ભીમશીભાઈ, માત્ર વખાણ કરવાથી કામ નહિ ચાલે, તમારી સજીવ ખેતપેદાશો ખેડૂતહાટમાં કેમ ન વેચી? આગામી નવેમ્બર-૨૦૦૫માં યોજાનાર મેળામાં જરૂર આવો અને ગ્રાહકોને સીધું વેચાણ કરો.)*

## લવાજમ સ્વીકારીશુ!

પ્રકાશભાઈ ચોથાણી, ખેતીવાડી નિગમ, ૧૧, સરદાર પટેલ ભવન, જયશ્રી ટોકીઝ રોડ, જૂનાગઢ

લોકસરવાણી સામયિકની અગત્યતા જોતાં અમે તેનું લવાજમ અમારી દુકાને સ્વીકારવાનું શરૂ કર્યું છે. આ માટે જરૂરી પોસ્ટર, પેમ્ફલેટ મોકલી આપશો. ખેડૂતો બિનખર્ચાળ ખેતીપદ્ધતિઓ અજમાવે એ આજે સમયની માંગ છે. અમને સૃષ્ટિ-લોકસરવાણી માટે સ્વૈચ્છિક કાર્ય કરવું ગમશે.

*(અભિનંદન પ્રકાશભાઈ, આ સાથે કેટલાક અંકો અને સાહિત્ય મોકલાવું છું. આપ જેવા કાર્યકરો જ લોકસરવાણીની સાચી મૂડી છે.)*

## સજીવ પેદાશોનું બજાર ક્યાં?

હમીરસિંહ રામભાઈ બાબરીયા, મુ. પો. પીખોર, તા. માળિયા હાટીના, જિ.જૂનાગઢ

લોકસરવાણી છેલ્લાં નવ વર્ષથી હું નિયમિત વાંચું છું. ખેડૂતોના કોઠાસૂઝ અનુભવોનું ભાથું ઘેરબેઠાં મળતું રહે છે. આ ભાથું ખેતી અને પશુપાલન બન્નેમાં ઉપયોગી થતું રહ્યું છે.

સજીવ ખેતપેદાશોનું બજાર અલગથી ન હોવાથી અમને હજુ સુધી ખાસ કંઈ ફાયદો થયો નથી. આ સજીવ પેદાશોની ગુણવત્તા કે ખરાઈ માટે કોઈ વ્યવસ્થા પણ નથી. તેથી આ બાબતને ધ્યાનમાં લેવા વિનંતી છે.

*(હમીરસિંહ, તમારા સજીવ ખેતરની અને પેદાશની પ્રાથમિક વિગતો અમને લખી મોકલાવશો તો અમે સૃષ્ટિની વેબસાઇટ ઉપર તે મૂકીશું. સજીવખેતી કરતા ખેડૂતોની માહિતી ભરવાનુ પત્રક આપને મોકલાવીએ છીએ. સજીવખેતીથી ખેતી ખર્ચ ઘટે અને ફળદ્રુપતા વધે એ જ અત્યારે નફો છે તેવી સમજણ સહુ ખેડૂતોએ કેળવવી પડશે.)*

## પુનઃ પ્રાપ્ય ઊર્જા ફાઉન્ડેશન

છેલભાઈ જે. શુકલ, ગોપાલધામ, પો. ઘેલા સોમનાથ, તા. જસદણ, જિ. રાજકોટ- ૩૬૦૦૫૦

નેશનલ ફાઉન્ડેશન ફોર નોન કન્વેશનલ એનર્જી એન્ડ રિસર્ચ સંસ્થાની નોંધણી થઈ ગઈ છે. છેલ્લાં ૪૦ વર્ષથી આ વિષયમાં થોડું-ઘણું કામ કરતા હતા તેને પદ્ધતિસર સ્વરૂપ આપવાના પ્રયત્નો હાથ ધર્યા છે.

*(આપના પ્રયત્નોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ. વાચકોને પણ અનુરોધ છે કે, ઉર્જા ફાઉન્ડેશનમાં પોતાનો સહયોગ આપે.)*



શું આપ લોકજીભે રહેલ જ્ઞાનનું ધોવાણ અટકાવવામાં સહભાગી થશો?

# સંસ્થા સમાચાર

### લોકવિજ્ઞાન સંકલન હરીફાઈ : ૨૦૦૫

વિશિષ્ટ પરંપરાગત જ્ઞાન અને નવીન સંશોધનોને શોધી સન્માનવા અને વિકસાવવા માટે લોકવિજ્ઞાન સંકલન હરીફાઈ-૨૦૦૫ની સૃષ્ટિ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

આ હરીફાઈ ગ્રામવિદ્યાપીઠના વિદ્યાર્થીઓ, ગ્રામસેવકો, પશુચિકિત્સકો, કૃષિ અધિકારીઓ, ખેડૂતો, શિક્ષકો વગેરે કોઠાસૂઝ જ્ઞાન સંપન્ન લોકોને શોધી તેઓના જ્ઞાન/અનુભવો લખી મોકલાવી શકે છે. શ્રેષ્ઠ માહિતી આપનાર અને માહિતીનું સંકલન કરી મોકલનારનું વાર્ષિક અધિવેશનમાં જાહેર સન્માન કરવામાં આવશે.

આ હરીફાઈમાં પશુવૈદ્યો પાસે રહેલું જ્ઞાન, પરંપરાગત પદ્ધતિઓ, નવાં ઓજારો, દેશી બિયારણો, જળ-જમીન-જંગલ સંરક્ષણ માટે લોકોએ વિકસાવેલ નિયમો/મર્યાદાઓ, નવીન સંશોધનો માટેના વિચાર, ઉર્જાબચત અને નિર્માણ, ગ્રામીણ હુન્નરો વગેરેને લગતી માહિતી આવકાર્ય છે.

સંશોધકને શોધના વિકાસ માટે પેટન્ટ, તકનિકી વિકાસ, બજાર, જોખમરાશિ વગેરે માટે સૃષ્ટિની સહયોગી સંસ્થા જ્ઞાન દ્વારા જરૂરી મદદ કરવામાં આવશે.

લોકવિજ્ઞાન સંકલન હરીફાઈ માટે પૂરાં નામ-સરનામાં સાથે અરજીઓ તંત્રી સરનામે આવકાર્ય છે.

### પશુઔષધો અને વાનસ્પતિક વૃદ્ધિપ્રેરકો

સૃષ્ટિ સદ્‌ભાવ પ્રયોગશાળા દ્વારા પશુ સારવારને સંલગ્ન ઔષધો પ્રાયોગિક ધોરણે વિકસાવવામાં આવ્યાં છે, જેમાં પશુનું દૂધ વધારવા, ખરવા-મોંવા થયા પછી ખરીનાં ચાંદાંમાં રૂઝ લાવવા, આફરો, ઝાડા, ઘા માટેનો મલમ, મેલી પાડવા, માદા પશુને ગરમીમાં લાવવા, કૃમિ, ખરજવું વગેરે પશુઔષધોના પ્રયોગ-અખતરા કરવા ઇચ્છુક ખેડૂતો, ગૌશાળાઓ, પાંજરાપોળોને તંત્રી સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતી છે.

ખેતીમાં વિવિધ રોગ-જીવાત ઉપર વાનસ્પતિક પ્રયોગોમાં રસ ધરાવતા ખેડૂતોએ પોતાના પાક અને સંભવિત રોગ-જીવાત વિશે અગાઉથી લખી મોકલાવે તો સૃષ્ટિ પસંદગીના ખેડૂતો અને પાકોમાં લઘુતમ કિંમતે આ હર્બલ દવાઓ સુલભ કરાવવા ઇચ્છે છે.

આપ જાણો છો તેમ સૃષ્ટિ કોઠાસૂઝ જ્ઞાન આધારિત આ હર્બલ ઔષધોનું પરીક્ષણ કરી જે-તે ખેડૂતને તેનો બૌદ્ધિક સંપદાનો અધિકાર અપાવવા મથે છે. વધુ માહિતી માટે તંત્રી સરનામે પત્રવ્યવહાર આવકાર્ય છે.

### બહુભાષીય સંગ્રહકોશ

ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને તમિલ- આ ચાર ભાષાઓમાં ૪૫૦૦ પદ્ધતિઓનું કૉમ્પ્યુટ્રાઇઝ્ દસ્તાવેજીકરણ સૃષ્ટિ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦૦ પદ્ધતિઓ દ્રશ્ય-શ્રાવ્ય સ્વરૂપે છે. ૨૫૦ વનૌષધિઓનો એક માહિતીપ્રદ સંગ્રહકોશ પણ બનાવવામાં આવેલ છે. આ સઘળી વિગતો કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ (DSIR)ના રાષ્ટ્રીય સૂચના તંત્રને સુપરત કરવામાં આવેલ છે.

### સાબરકાંઠા સજીવખેતી ખેડૂત પ્રતિષ્ઠાન

૨૭ ફેબ્રુઆરીએ સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોની એક ગોષ્ઠિ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ રાજેન્દ્રનગર ખાતે યોજાઈ હતી, જેમાં સાબરકાંઠા સજીવખેતી ખેડૂત પ્રતિષ્ઠાન નામે ટ્રસ્ટની નોંધણી કરવાનું નક્કી થયું છે. હાલ આ સંસ્થાના માનદ સંયોજક તરીકે રજનીકાન્ત કે. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જિલ્લામાં સજીવખેતીના પ્રચાર, સંશોધન, સર્ટિફિકેશન અને સજીવપેદાશોના વેચાણ માટે ખેડૂત પ્રતિષ્ઠાન કાર્ય કરશે. વધુ વિગતો માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

સંયોજકશ્રી સાબરકાંઠા સજીવખેતી ખેડૂત પ્રતિષ્ઠાન, ૬૮, જીવનજ્યોત સોસાયટી, મેઘરજ રોડ, મુ. મોડાસા, જિ. સાબરકાંઠા, ફોન : ૦૨૭૭૪-૨૪૩૬૮૩

### કુદરતી જળશીતક યંત્ર (નેચરલ વોટર કુલિંગ સિસ્ટમ)

અમદાવાદસ્થિત સંશોધક શ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા વિકસિત કુદરતી જળશીતક યંત્રની તકનીક **રચના ઇન્ડસ્ટ્રિઝ**ના શ્રી મધુસૂદનભાઈ આહુઝાએ જ્ઞાન સંસ્થાની મધ્યસ્થીમાં સંશોધક પાસેથી હસ્તાંતરિત કરેલ છે. આ જળશીતક યંત્રમાં જરૂરી સંશોધન કરી સુધારેલ મોડેલ યુનિકુલ બજારમાં મૂક્યું છે. વીજળી, બરફ કે કોઈ પણ જાતની કૃત્રિમ ઊર્જા વિના આ જળશીતક યંત્રથી પીવાલાયક ઠંડું પાણી મળે છે. શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, હોસ્પિટલો કે જાહેર સ્થળોએ કાયમી ઉપયોગમાં લઇ શકાય તેવું આ શીતક યંત્ર છે.



**વધુ વિગત માટે**
રચના ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ
ફોન: ૦૭૯-૨૨૮૧૭૭૪૧
મો: ૦૯૩૨૭૦૮૫૪૧૫
E-mail: ri_unicool@ yahoo.co.in

**આગામી શોધયાત્રા હિમાચલ પ્રદેશમાં...**

૧૫મી શોધયાત્રા મે માસ દરમ્યાન હિમાચલ પ્રદેશમાં યોજાવાની છે. જેમાં સ્વખર્ચે જોડાવા ઇચ્છુક વાચકોએ તંત્રી સરનામે પત્રવ્યવહાર કરી વધુ વિગતો મેળવી લેવી.